દા. તા.	૨૨-૧૨-૨૦૨૫
રજી. તા.	૨૨-૧૨-૨૦૨૫
ફે.તા.	૨૯–૦૪–૨૦૨૬
અવધી	

==========

ધોલેરાના મહે. જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફ.ક. સાહેબની અદાલતમાં, મું ધોલેરા.

==========

ફોજદારી કેસ નં-૫૧૧-૨૦૨૫
આંક-

ફરીયાદી : શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપીઓ : ૧) પ્રદીપભાઇ વાલાભાઇ વાઘેલા,
હાલ રહે. નવા ગામ કર્ણા, એરપોર્ટ કોલોની, તા. ધોલેરા, જી. અમદાવાદ.
મુળ રહે. મફતીયાપરા, તા. ચોટીલા, જી. સુરેન્દ્રનગર.
૨) મોબુભાઇ માધુભાઇ વેડવા,
રહે. બુરાનપુર, પરામાં, તા. ધોલેરા, જી. અમદાવાદ.

ગુનો:- પ્રોહી એકટની કલમ- ૬૫(એ)(ઇ), ૮૧ મુજબ

==========

શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી ડી.બી. રાઠોડ
આરોપી તરફે વિ.વ.શ્રી એન. એમ. ખસીયા

==========

-:: ઠરાવ ::-

૧. ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા. ૨૦/૧૧/૨૦૨૫ ના કલાક ૧૮.૩૦ વાગે મોજે નવાગામ કર્ણા એરપોર્ટની મજુર કોલોની ખાતે પતરાની લીલા કલરનું પ્લાસ્ટીકનું કાપડની આડશ કરેલ ઓરડીમાં આરોપી નં-૧ નાએ પોતાના કબજા ભોગવટામાં ગેરકાયદેસર રીતે દેશી દારૂ લીટર ૩૬, કિંમત રૂ. ૭,૨૦૦/– તથા મોબાઇલ ફોન કિંમત રૂ. ૫,૦૦૦/- એમ કુલ મળી રૂ. ૧૨,૨૦૦/– ના મુદામાલ સાથે પકડાઇ જઇ તથા આરોપી નં-૨નાએ દેશી દારૂનો જથ્થો પુરો પાડી પ્રોહી એકટની કલમ- ૬૫(એ)(ઇ), ૮૧ મુજબનો ગુનો કર્યાની ફરીયાદ ફરીયાદીએ ધોલેરા પો. સ્ટે. પ્રો. ગુ.૨.નં- ૧૧૧૯૨૦૧૯૨૫૦૩૦૧/૨૦૨૫ થી જાહેર કરેલ છે અને તે કામે તપાસ કરનાર અધિકારીએ આંક-૦૧ મુજબનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

૨. આ કામના આરોપીઓને સમન્સ વોરંટ કરતાં, આરોપીઓ હાજર થતાં, આરોપીઓ સામે આંક-૦૫ થી તહોમતનામું ફરમાવી, આંક-૦૬ અને ૦૭ થી પ્લી લેતાં, તેઓએ તેમની સામેના ગુનાનો ઇનકાર કરેલો છે.

૩. આ કામના ફરીયાદ પક્ષ તરફથી નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ થયેલા છે.

ક્રમ	આંક	વિગત
૧	૦૯	ફરીયાદી લાલજીભાઇ જાદવભાઇ ની જુબાની
૨	૧૦	ફરીયાદ
૩	૧૧	પંચ સાહેદ જયેશભાઇ ઠાકરશીભાઇ ધરજીયાની જુબાની
૪	૧૨	પંચનામું
૫	૧૩	પંચ સાહેદ ભરતભાઇ રૂપાભાઇ ચૌહાણની જુબાની
૬	૧૫	ત.ક.અ. આરીફમહંમદ નાસીરમીયાંની જુબાની

ફરીયાદ પક્ષે પોતાનો પુરાવો પુર્ણ થયાનું જાહેર કર્યા બાદ, આરોપીઓ નું બી.એન.એસ.એસ.ની કલમ-૩૫૧ મુજબ વિશેષ નિવેદન લેવામાં આવેલ છે જેમાં તેઓએ પોતાને પુછવામાં આવેલ પ્રશ્ન નો નકારમાં જવાબ આપેલ છે અને વિશેષ માં જણાવેલ છે કે પોતે નિર્દોષ છે, તેઓની સામે ખોટો કેસ કરેલ હોય, દયા કરવા અરજ કરેલી છે.

૪. આ કેસના નિર્ણય માટે આ અદાલત સમક્ષ નીચે મુજબના મુદદાઓ ઉપસ્થિત થયેલ છે.

-:મુદા:-

મુદદા નં-૧- શું ફરીયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, તા. ૨૦/૧૧/૨૦૨૫ ના કલાક ૧૮.૩૦ વાગે મોજે નવાગામ કર્ણા એરપોર્ટની મજુર કોલોની ખાતે પતરાની લીલા કલરનું પ્લાસ્ટીકનું કાપડની આડશ કરેલ ઓરડીમાં આરોપી નં-૧ નાએ પોતાના કબજા ભોગવટામાં ગેરકાયદેસર રીતે દેશી દારૂ લીટર ૩૬, કિંમત રૂ. ૭,૨૦૦/– તથા મોબાઇલ ફોન કિંમત રૂ. ૫,૦૦૦/- એમ કુલ મળી રૂ. ૧૨,૨૦૦/– ના મુદામાલ સાથે પકડાઇ જઇ તથા આરોપી નં-૨નાએ દેશી દારૂનો જથ્થો પુરો પાડી પ્રોહી એકટની કલમ- ૬૫(એ)(ઇ), ૮૧ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલો છે?

મુદા નં.૨- શું હુકમ?

૫. ઉપરોકત મુદદાઓના મારા નિર્ણય નીચે મુજબના છે.

મુદા નં. ૧. નકારાત્મક

મુદા નં. ૨. આખરી હુકમ મુજબ.

::નિર્ણય માટેના કારણો::

૬. મુદા નં-૧ અને ૨.

ઉપરોકત પ્રસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાનમાં રાખીને હાથ પરનો કેસ જોવામાં આવે તો, સદરહું ફરીયાદી તથા સાહેદોની જુબાની તે રેકર્ડ પર હોય અને આથી, પુનરાવર્તન ટાળવાના હેતુથી દરેક સાહેદોની જુબાની અલગ અલગ ચર્ચા કરવાને બદલે અહીં એકી સાથે ચર્ચા કરવામાં આવેલ છે. હાલના કેસમાં આંક-૦૯ થી ફરીયાદી લાલજીભાઇ જાદવભાઇ નાઓ તેઓના પુરાવામાં મુખ્યત્વે જણાવે છે કે,તા. ૨૦/૧૧/૨૦૨૫ ના રોજ તેઓ તથા જીજ્ઞેશભાઇ રાણાભાઇ ધંધુકા ધોલેરા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન તેઓને ખાનગી રાહે બાતમી હકીકત મળેલી કે નવાગામ કર્ણ એરપોર્ટ મજુરકોલોની ખાતે આવેલી ઓરડી માં દેશી દારૂ નું વેંચાણ થાય છે. જેથી તેઓ નજીક માંથી પંચો ને બોલાવી ખાનગી વાહન માં બેસાડી નવાગામ કર્ણા એરપોર્ટ ની અંદર મજુર

કોલોની ખાતે પહોંચતા ઓરડી માં એક ઇસમ ત્રણ પ્લાસ્ટીક ની ડોલ લઇ ને બેસેલ હોય, જેને કોર્ડન કરી પંચો રૂબરૂ નામઠામ પુછતા પ્રદિપભાઇ વાલાભાઇ વાઘેલા, ઉ.વ. ૧૯ વાળો હોવાનું જણાવેલ, અને સદર ઇસમ પાસે રહેલ પ્લાસ્ટીક ની ડોલ ચેક કરતા ૨૫૦ એમ.એલ. ની કુલ ૧૪૪ પ્લાસ્ટીક ની કોથળીઓ માં દેશી દારૂ મળી આવેલ, જે પંચો રૂબરૂ સુંઘી સુંઘાવી ખાત્રી કરતા દેશી દારૂ ની વાસ આવતી હતી. આ કુલ ૩૬ લીટર દેશી દારૂ હોય, જેની કિં. રૂ. ૭,૦૦૦/– ગણી કબજે કરવામાં આવેલ. તેમજ સદર ઇસમ પાસેથી એક એન્ડ્રોઇડ ફોન કબજે કરવામાં આવેલો. સદરહુ દેશી દારૂનું જરૂરી સેમ્પલ તપાસણી અર્થે કબજે કરવામાં આવેલ. આ દેશી દારૂ કયાંથી લાવેલ છે તે સદર ઇસમ ને પુછતા બુરાનપુર નો મોબુભાઇ આપી ગયેલ હોવાનું જણાવેલ. જે મતલબનુ વિગતવારનું પંચનામુ કરવામાં આવેલ અને ત્યારબાદ સદર ગુનાની ફરીયાદ તેઓએ આરોપીઓ સામે ફરીયાદ આપેલાની હકીકત તેઓ જણાવે છે. તેઓ આરોપીઓને ઓળખતા હોવાની હકીકત જણાવે છે. સદરહું ફરીયાદીની બચાવ પક્ષે લેવામાં આવેલ ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવે તો, રેડ પર જતા પહેલા જે પ્રાથમિક પંચનામું કરવું જોઈએ, તેનો ફરિયાદમાં કોઈ ઉલ્લેખ નથી કે પ્રાથમિક પંચનામું કરેલ નથી તેવું ફરીયાદી કબુલ રાખે છે ત્યારે તપાસમાં ખામી હોવાનું જણાઇ આવે છે.વધુમાં કહેવાતી રેડ વાળી જગ્યા એ જાહેર જગ્યા હોવાનું તેમજ આજુબાજુ રહેણાંકી ઓરડીઓ આવેલ હોવાનું ફરીયાદી કબુલ રાખે છે ત્યારે હાલની રેડ કોઇ સ્વતંત્ર વ્યકિતએ નજરે જોયેલ હોય તેવું ફરીયાદપક્ષના પુરાવાથી જણાઇ આવતું નથી. હાલની ફરીયાદને પોલીસ સાહેદો સીવાય અન્ય કોઇ સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સમર્થન મળતું નથી. મુદામાલ પંચોની હાજરીમાં કબજે કરેલ હોવાનું ફરીયાદીએ તેઓના પુરાવામાં જણાવેલ છે જયારે હાલના કામે આંક-૧૧ થી તપાસેવામાં આવેલ પંચ સાહેદ જયેશ ઠાકરશીભાઇ ધરજીયા તેમજ આંક-૧૩ થી તપાસવામાં આવેલા પંચ સાહેદ ભરતભાઇ રૂપાભાઇ ચૌહાણનાઓ તૈયાર લખેલ કાગળમાં સહી કરેલ હોવાની હકીકત તેઓ જણાવેલ છે. તેઓની હાજરીમાં કોઇ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરવામાં આવેલ હોય તેવું બનેલ ન હોવાનું સદરહું પંચ સાહેદો જણાવે છે. સદરહું પંચ સાહેદોએ તૈયાર પંચનામામાં સહી કરેલી છે અને પંચનામાની કોઇ હકીકત તેઓ જાણતા ન હોય જેથી ફરીયાદીની એવી રજુઆત કે પંચો રૂબરૂ પંચનામું કરવામાં આવેલ હતું તો તે હકીકતનો છેદ ઉડી જાય છે. આંક-૧૫ થી તપાસેલા ત.ક.અ. આરીફમહંમદ નાસીરમીયાનો પુરાવો ધ્યાને લેતાં તેઓએ હાલના ગુનાની તપાસ કરેલી છે પરંતુ તેઓ પણ રેડવાળી જગ્યા તે જાહેર જગ્યા હોવાની હકીકત જણાવે છે ત્યારે હાલના કામે પોલીસ સાહેદો સિવાય અન્ય કોઇ સ્વતંત્ર સાહેદો કહેવાતી રેડને સાચી ઠેરવતા હોય તેવું જણાઇ આવતું નથી. વધુમાં, તપાસ કરનાર અમલદાર પોતે સ્વીકારે છે કે આરોપી નં. ૨

ના પ્રત્યક્ષ કબજામાંથી કોઈ વાંધાજનક મુદ્દામાલ મળી આવેલ નથી. કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંત મુજબ, જ્યારે કબજો સાબિત ન થાય અને તપાસમાં સ્વતંત્ર સાક્ષીઓનો અભાવ હોય, ત્યારે ફરિયાદ પક્ષનો કેસ નિઃશંકપણે સાબિત થયેલ ગણી શકાય નહીં. ઉપરાંતમાં, કબજે કરેલ મુદદામાલ તે મુદદામાલ પાવતીમાં જણાવેલ પ્રોહીબીટેડ મુદદામાલ છે તે સાબીત કરવા માટે મુદદામાલ એફ.એસ.એલમાં પૃથકકરણ માટે મોકલેલ હોય તેનો કોઈ રીપોર્ટ કે યાદી પણ આ કામે ફરીયાદ પક્ષ તરફથી રજુ થયેલ નથી. ઉપરોકત તમામ બાબતો અંગે આ કામે જો ના. ગુજરાત હાઈકોર્ટનો ***દીલીપ સુરેશ સાન્સી વિ. સ્ટેટ ઓફ ગુજરાત***નો ચૂકાદો વંચાણે લેવામાં આવે તો તેમાં ઠરાવેલ છે કે, " In absence of specific evidence from technical expert, say, FSL, and in absence of specific evidence regarding quality and quantity of muddamal, and in absence of proper evidence by the witness confirming the seizure from the given place, and in absence of recovering the muddamal from the person of the accused, and in absence of proving the link and connection of prohibited articles directly with the applicant, it is difficult to confirm the conviction of a person"

ઉપરાંતમાં, જે જગ્યાએ રેડ પડેલી છે તે જાહેર વિસ્તાર છે અને આથી જયારે પોલીસની રેડ પડે ત્યારે સ્વભાવિક રીતે જ ઘણા માણસો કુતુહલવશ ભેગા થઇ જતા હોય છે. પરંતુ, હાલની રેડ કોઇ સ્વતંત્ર વ્યકિતએ નજરે જોયેલ હોય તેવું ફરીયાદપક્ષના પુરાવાથી જણાઇ આવતું નથી. હાલની ફરીયાદને પોલીસ સાહેદો સીવાય અન્ય કોઇ સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સમર્થન મળતું નથી. આમ, હાલના કામે પંચ સાહેદો પંચનામાની હકીકતને સમર્થન આપતા નથી. આ કામે ફરીયાદપક્ષના કેસ ને વિશ્વસનીય નિષ્પક્ષ અને સ્વતંત્ર પુરાવાના આધારે સમર્થન પ્રાપ્ત થઇ શકતુ નથી. આથી, આરોપીઓની ગુનામાં સંડોવણી પુરવાર થઇ શકે તેટલો સઘન અને ઠોસ પુરાવો ફરીયાદપક્ષ તરફે રજુ થયેલો નથી. આથી, પોલીસ તપાસમાં પણ ત્રુટીઓ રહી ગયેલાની હકીકત રેકર્ડ પર આવે છે.

૮. આમ, હાલના કામે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતાં, ફરીયાદ પક્ષે પોતાનો કેસ શંકારહીત સાબિત કરવો જોઇએ. જે શંકાનું નિરાકરણ સમર્થનકારી પુરાવાથી પુરવાર કરવું જોઇએ જે ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતાં, ફરીયાદ હકીકતે સદરહું શંકાના નિરાકરણ સારૂ કોઇ સમર્થનકારી પુરાવો રજુ કરેલ ન હોય, જેથી આરોપીઓ એ ફરીયાદ હકીકત પ્રમાણેનો ગુનો કરેલ હોય તેવું ફરીયાદ હકીકતે ફરીયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરી શકેલ નથી અને તેમ કરીને શંકા ઉપસ્થિત કરેલ હોય ત્યારે આવી શંકાનો લાભ આરોપીઓ ને મળવો જોઇએ તેમ મારું માનવું છે. આમ, આરોપીઓ સામે કોઇ ગુનો નિઃશંકપણે પુરવાર થતો ન હોય, સદરહું કેસમાં આરોપીઓને

દોષિત ઠરાવી શકાય તેટલો પુરાવો રેકર્ડ પર આવેલ નથી. જેથી ઉપર મુજબ મુદા નં-૧ નો નિર્ણય નકારમાં ઠરાવી, મુદા નં-૨ અંગે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

::હુકમ::

(૧) આ કામના આરોપીઓ ને પ્રોહી એકટની કલમ- ૬૫(એ)(ઇ), ૮૧ મુજબના ગુનામાંથી શંકાના લાભ સાથે છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદામાલ પાવતીમાં જણાવેલ પ્રોહી મુદામાલનો અપીલ સમય વીત્યેથી નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે તેમજ મુદામાલ મોબાઇલ ફોન અંગે અગાઉ કોઇ જો કોઇ વચગાળાનો પરત સોંપવાનો હુકમ કરવામાં આવ્યો હોય તો તે આથી કાયમ કરવામાં આવે છે અન્યથા ત.ક.અ.નાઓએ સદરહું મુદામાલ તેના મુળ માલિક ને દસ્તાવેજોની ખરાઇ કરી પરત સોંપવો.

(૩) દરેક આરોપીએ ફોજદારી કાર્યવાહી સંહીતાની કલમ-૪૩૭(એ) મુજબ અપીલ સમયના જામીન તરીકે રૂ.૫,૦૦૦/- ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૨૯ મી, માહે, એપ્રીલ સને. ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

Digitally signed by
LAKHANI PIYUSHKUMAR N
at Principal Civil Court, Dholera
on 29/04/2026 17:21:17 IST.

Date: 29/04/2026
Place: Dholera

(Mr. Piyush Navinbhai Lakhani)
Principal Civil Judge and
Judicial Magistrate First Class
Dholera, Dist. Ahmedabad(Rural)
Judge Code GJ01565